તમારી ભાવનામાં શુભ વિચારોનું તોફાન લાવો

જે મા-બાપનો થઈ શકતો નથી તે મહાવીરનો પણ થતો નથી; પરિવારને પ્રેમનું મંદિર બનાવો : પ્રસન્ન કીર્તિસાગરજી

ગાંધીનગર, તા.૭

સંસારના બધા જીવો પ્રત્યે પ્રેમ વ્યાપક બની જાય તો વગર માંગ્યે મોક્ષ મળી જાય. પરંતુ પ્રેમની પૂર્ણતા આવે ત્યારે આમ શકય બનશે. તમારી ભાવનામાં શુભ વિચારોનું તોફાન લાવો જે મા-બાપનો થઈ શકતો નથી તે મહાવીરનો પણ થતો નથી તેમ પ્રસન્નકીર્તિસાગરજી મહારાજે તેમના વકતવ્ય દરમિયાન જણાવ્યું હતું.

પ્રસન્નકીર્તિસાગરજી મહારાજ તેમજ ભવ્ય કીર્તિસાગરજી મહારાજે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, જયાં પ્રેમ હશે ત્યાં પરમાત્માના શુભ ભાવોનું આગમન સહજમાં મળશે. આચાર્ય હરીભદ્ર સૂરીજીએ પણ પ્રેમને બહુ મહત્વ આપેલ છે. જીવ માત્ર સુધી પ્રેમ વ્યાપક બનવો જોઈએ. સંસારના બધા જીવો પ્રત્યે પ્રેમ વ્યાપક બની જાય તો વગર માંગ્યે મોક્ષ મળી જાય. પરંતુ પ્રેમની પૂર્ણતા આવે ત્યારે આમ શકય બનશે. અઢી અક્ષરનો આ પ્રેમ શબ્દ જીવનમાં ઉતારવા જેવો છે. તમારી દરેક ક્રિયાથી લોકોને પ્રેરણા મળે એવા તમારા વાણી વર્તન અને વ્યવહાર હોવા જોઈએ. આની શરૂઆત તમારા જીવનથી કરવાનું નક્કી કરો. સંસારમાં જે સ્થાન પાણીનું છે એવું જીવનમાં પ્રેમનું સ્થાન છે. ધર્મનું મૃત્યુ થશે તો જીવનમાં પ્રેમ નહીં વિકસી શકે. દરેક જીવોએ પણ પરમાત્માનો પરિવાર છે એમ વિચારો.

તમારી ભાવનામાં શુભ વિચારોનું તોફાન લાવો અને પરમાત્માનો ભકિતભાવ લાવો. આજે પરિવાર તૂટી રહ્યો છે. પરમાર્થની ભાવના નષ્ટ થઈ રહી છે. પરિવારમાં સૌથી પહેલા માતા આવે છે ઘરને કેવું બનાવવું અને બધાની સાથે કેવો વ્યવહાર હોવો જોઈએ એ વધુ માતા સારી રીતે જાણતી હોય છે. એવી એ માતા પ્રત્યે આપણું પણ કર્તવ્ય બને છે. એ માતાએ સંસ્કાર આપ્યા છે, ભવિષ્યમાં સંયમભાવ પેદા કરવાના સંસ્કાર પણ આપ્યા છે, નવ માસ સુધી એણે પેટમાં આપણને જીવતદાન આપ્યું છે, ત્યાં એણે ઘણી વેદના સહન કરી છે એવી એ માતાના આશીર્વાદથી વંચિત રહી જાય એવું ન બનવું જોઈએ. જે મા-બાપનો નથી થઈ શકતો એ મહાવીરનો પણ નથી થઈ શકતો.

તમારા જન્મ પાછળ માતા પિતાનો બહુ ઉપકાર છે. માતાપિતાની સેવાથી જ ધર્મની શરૂઆત થાય છે. ધર્મના સંસ્કાર આપવાથી ઘર પવિત્ર બને છે અને ઘરમાં પ્રેમનું વાતાવરણ બનેછે. તમારી પાસે વિચારોનો વૈભવ હોવો જોઈએ. એવું થશે તો જીવન આનંદમય બની જશે. રામાયણ ને બરોબર સમજો તો આ વૈરાગ્યનું ગોડાઉન છે. પહેલા તમારી જાતને સુધારો અંદરથી ધર્મના સંસ્કારો જગાડો.

બેસતા મહિનાનું માંગલિક - સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે જૈન મુનિ પ્રસન્નકિર્તીસાગરજી મહારાજ સાહેબે બેસતા મહિનાનું માંગલિક કર્યું હતું. ચાતુર્માસ દરમિયાન જૈન દેરાસરમાં શ્રાવકો મોટી સંખ્યામાં પ્રવચનના શ્રવણ માટે આવે, મહારાજ સાહેબે પરિવારના પ્રેમનો મહિમા કહ્યો હતો. (તસવીર : દિપક જાની)

લગ્નવાડી અને શાળા-કોલેજોના રીપેરીંગ માટે ૬૬ લાખ ખર્ચાશે

સે. ૧૫ આઈ.ટી.આઈ., સે. ૭ લગ્નવાડી અને વિનિયન કોલેજનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૭

પાટનગર યોજના વિભાગ દ્વારા સે. ૧૫ આઈ.ટી.આઈ., લગ્નવાડી તેમજ શાળા કોલેજોમાં જરૂરી સમારકામ હાથ ધરવા માટે રૂ. ૬૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. ટુંક સમયમાં આ કામગીરી શરૂ કરી દેવામાં આવશે. સે. ૭ની લગ્નવાડીને પણ વધુ સુવિધાયુક્ત બનાવવામાં આવશે.

શહેરમાં સ્થિત શૈક્ષણિક સંકુલો અને લગ્નવાડીના જરૂરી રીનોવેશન માટે માર્ગ-મકાન વિભાગ દ્વારા રૂ. ૬૬ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ મામલે વિવિધ ૭ કામોને અનુલક્ષી આ ખર્ચની રકમ મંજુર કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કામગીરી હેઠળ સે. ૧૫ આઈ.ટી.આઈ. બિલ્ડીંગમાં રૂ. ૨૫ લાખના ખર્ચે રીનોવેશન કામ હાથ ધરાશે. જેમાં ફ્લોરીંગ, બારીબારણા અને ધાબાનું કામ કરવામાં આવશે. આ ઉપરાંત સે. ૭ લગ્નવાડીમાં પણ ઉપરની જગ્યાએ હોલમાં બેસવાની જરૂરી સુવિધા ઉભી કરવા રૂ. ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. વધુમાં સે. ૧૫ વિનિયન કોલેજમાં પણ રીનોવેશનની કામગીરી પાછળ રૂ. ૧૦ લાખનો ખર્ચ કરાશે જ્યારે વાણિજ્ય કોલેજમાં સ્ટીલની રેલીંગ ફીટ કરવા માટે રૂ. ૩ લાખનો ખર્ચ થશે. આ ઉપરાંત બોરીજ પ્રાથમિક શાળા ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા, બારીબારણા અને રંગરોગાનનું કામ હાથ ધરવા રૂ. ૫ લાખનો કર્ચ કરવામાં આવશે. ધોળાકુવા સ્થિત આંગણવાડી મકાનના રીપેરીંગ માટે પણ રૂ. ૩ લાખનો ખર્ચ કરાશે. જ્યારે પાલજ ગામમાં સ્થિત વિક્રમસારાભાઈ સ્કૂલના સમારકામ માટે પણ રૂ. ૫ લાખના ખર્ચે રીપેરીંગ હાથ ધરાશે.

શ્રાવણમાં શકુનીઓને પકડવા એલસીબી ખાનગી વાહનમાં ફરશે

ફાર્મ હાઉસમાં કે છાને ખુણે બાજી માંડીને બેસી ગયેલા જુગારીઓને પકડવા શ્રાવણીયો માસ્ટર પ્લાન

ગાંધીનગર, તા. ૭

શ્રાવણ શરૂ થયો તે પહેલા જ કેટલાક જુગારીઓએ નેટ પ્રેકટીસ કરી લીધી હતી. પરંતુ હવે શ્રાવણ શરૂ થતા વીધીવત રીતે બાજી માંડીને બેસવા માટે જિલ્લાના શકુનીઓમાં અત્યારથી જ તરવરાટ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ આ શકુનીઓને સકંજામાં લેવા માટે એસ.પી.ની સુચનાથી એલ.સી.બી. દ્વારા 'શ્રાવણીયો માસ્ટર પ્લાન' તૈયાર કરી દેવાયો છે. ખાનગી વેશમાં અને ખાનગી વાહનમાં એલસીબીની એક સ્કવોર્ડ વિવિધ સ્થળો પર ફરશે અને આકસ્મીક ચેકીંગ કરીને જુગારીઓને પકડશે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલની સુચનાથી શ્રાવણીઓ જુગાર પકડવા માટે જિલ્લાની એલ.સી.બી. દ્વારા ખાસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લાની તમામ સ્થાનિક પોલીસને આ મહિને ખાસ વોચ રાખી જુગાર રમતા જણાય ત્યાં દરોડા પાડવા સુચનાઓ આપી દેવાઈ છે. તેની સાથોસાથ એલસીબીની એક સ્કવોર્ડ પણ આ જ કામમાં દોડતી કરવામાં આવી છે. શ્રાવણીયા માસ્ટર પ્લાનમાં એલસીબીની એક સ્કવોર્ડ આખા શ્રાવણ માસ દરમ્યાન ખાનગી વેશમાં ખાનગી વાહનમાં જિલ્લાભરના ફાર્મહાઉસ, હોટલ, ગેસ્ટહાઉસ સહિતની જગ્યાઓ પર આકસ્મીક ચેકીંગ કરશે. એક પીએસઆઈ અને ચાર કોન્સ્ટેબલની આ સ્કવોર્ડ વિવિધ શોપીંગ સેન્ટર તથા રહેણાંક વિસ્તારોમાં પણ આંટા મારશે. કોઈ વિસ્તારમાં વધુ વાહનો કે ઘર-દુકાન બહાર વધુ પગરખા હશે અને જુગાર રમાઈ રહ્યો હોવાની શંકા જશે તો ત્યાં પણ ચેકીંગ કરશે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના કેટલાક જુગાર રસીકોએ અત્યારથી જ માઉન્ટઆબુ, દિવ તથા મુંબઈ જેવા વિસ્તારોના ગેસ્ટહાઉસ બુક કરાવી લીધા હોવાનું જાણવા મળ્યું છે.

ખૂણે... ...ખાંચરેથી

- ભારત સરકારના પૂર્વ વિદેશ સચિવ અને ગાંધીનગરના પૂર્વ કલેક્ટર શ્રી એલ. માનસિંહ અને શ્રીમતિ માનસિંહ આજે ગાંધીનગરના અતિથિ હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બદલી-બઢતીનો દોર આરંભાયો છે. ૪ કર્મચારીઓને વિસ્તરણ અધિકારી તરીકે બઢતી અપાઈ છે.
- જિલ્લાના નવા પશુપાલન અધિકારી તરીકે શ્રી કે.જી. ત્રિવેદીની નિયુક્તી કરાઈ છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજના ડીનની ઓફિસ જે પહેલાં સિવિલના બિલ્ડીંગમાં હતી તે હવે કોલેજ કેમ્પસમાં ખસેડાઈ છે.
- એન.એ.બી.એચ. રિફેશર કોર્ષની તાલિમ સિવિલ હોસ્પિટલમાં પૂરજોશમાં ચાલી રહી છે.
- ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની બાકી વસુલાત અંગે ખાસ અભિયાન હાથ ધરવાનો નિર્ણય સમીક્ષા બેઠકમાં લેવાયો છે.
- જાણીતા ફિલ્મ અભિનેતા ઈમરાનખાન તથા અભિનેત્રી સોનાક્ષી સિન્હા આજે ગાંધીનગરની પી.ડી.પી.યુ.ના અતિથિ હતા.
- ફિલ્મ અભિનેતા અક્ષયકુમાર અને ગુજરાતી ફિલ્મ અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદી વચ્ચે પણ આજે ગાંધીનગરમાં ઔપચારિક મુલાકાત થઈ હતી.
- રાંધેજા ગ્રામ પંચાયતના ઉપ સરપંચપદની ચૂંટણી ૨ ઉમી ઓગષ્ટે યોજાશે.
- ઉત્તર ગુજરાતના કોંગ્રેસી ધારાસભ્યોની આજે એક બેઠક વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના અધ્યક્ષપદે સરકીટ હાઉસ ખાતે મળી હતી.

સરકારી આવાસોની છતમાંથી પાણી ટપકે છે

વોટરલાઈન અને ધાબાસફાઈ સિવાય કાંઈ થતું નથી! : રહીશો તોબા પોકારી ગયા છે...

ગાંધીનગર, તા.૭

શહેરના સરકારી આવાસોમાં છતમાંથી પાણી ટપકતા રહીશો તોબા પોકારી ગયા છે. ચોમાસા દરમિયાન લીકેજીસની સમસ્યાના લીધે સરકારી આવાસોના રહીશોએ દયનીય હાલતમાં મુકાવું પડે છે. બીજી તરફ આ મામલે થાગડ-થીગડ કરી સબ સલામતનો દાવો કરતા તંત્રને પણ લીકેજીસની સમસ્યા ડામવામાં કોઈ રસ ન હોય તેવો જનઆક્રોશ પ્રવર્ત્યો છે.

શહેરના સરકારી આવાસોની છત સલામત ન હોવાનો સૂર પ્રબળ બન્યો છે. શહેરના આવાસો આમ પણ જોખમી હાલતમાં હોવાનો ભય પ્રવર્ત્યો છે. ત્યારે છતમાંથી અવાર નવાર પોપડા ખરવાના કિસ્સાઓથી પણ રહીશોમાં ભય પ્રવર્ત્યો છે. આવા સંજોગોમાં ચોમાસા દરમિયાન સતત વરસાદના લીધે સરકારી આવાસોની છતમાંથી પાણી ટપકતું હોવાની વ્યાપક ફરિયાદો ઉદભવી છે. વરસાદી પાણીના લીધે સરકારી મકાનોમાં ભેજ ઉતરતો હોવાથી વસાહતીઓએ આમ પણ મુંઝવણમાં મુકાવવાનો વારો આવ્યો છે. આવાસોમાં લીકેજીસની સમસ્યા ડામવા તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે ધાબા અને વોટરલાઈનની સફાઈ કરી પાણીનો ભરાવો અટકાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. પરંતુ રહેણાંક આવાસોમાં વરસાદ બાદ છતમાંથી પાણી ટપકતા લીકેજીસની સમસ્યા મામલે કોઈ સર્વે હાથ ધરાયો નથી. બીજી તરફ વરસાદી દિવસોમાં લીકેજીસની ફરિયાદો ઉદભવતા રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. રૂમમાંથી પાણી ટપકતા વસાહતીઓને દયાજનક સ્થિતિમાં મુકાવવું પડે છે.

કલેકટર કચેરીની રજીસ્ટ્રી શાખાનું કોમ્પ્યુટરાઈઝેશન કરાશે

૭૩ હજાર વર્ગીકરણ કરાયેલ ફાઈલોનું પણ કોમ્પ્યુટરાઈઝેશન કરી ડેટા બેઝ ઉભો કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાં રજીસ્ટ્રી શાખાનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાની સાથે સાથે જિલ્લામાં વર્ગીકરણ કરાયેલ ૭૩ હજાર જેટલી ફાઈલોના કોમ્પ્યુટરાઈઝેશન કરવાની દિશામાં પણ તંત્રએ તેની કવાયત હાથ ધરી છે.

જિલ્લા કલેકટર કચેરીના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ રજીસ્ટ્રી બ્રાન્ચનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે. આ માટે જિલ્લા કલેકટરશ્રીએ આજે અધિકારીઓ સાથે બેઠક કરી અને આગળ વધવા માટેની જરૂરી સૂચનાઓ પણ આપી છે.

જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર, ચીટનીસ, જનસેવા કેન્દ્રના અધિકારી અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રજીસ્ટ્રી શાખાનું કામ હાલ મેન્યુઅલી ચાલી રહ્યું છે. ગઈકાલે જિલ્લા કલેકટરશ્રીએ આ શાખાની મુલાકાત પણ લીધી હતી. આ શાખા મહત્વની હોવાથી પ્રથમ અને તાત્કાલિક તેનુ કમ્પ્યુટરાઈઝેશન કરવાનો નિર્ણય તેમણે આજે લીધો છે.

તેમણે આજે અધિકારીઓને આ માટેની દિશામાં આગળ વધવા માટે પણ સૂચના આપી દીધી છે. હાલ રજીસ્ટ્રી શાખામાં રોજની ૩૦૦ જેટલી ટપાલ ઈનવર્ડ થાય છે અને લગભગ આટલી જ ટપાલ રવાના થાય છે.

આ શાખાનું કોમ્પ્યુરાઈઝેશન થતાં રોજેરોજની વિગતો આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે એટલુ જ નહિ ટપાલ ક્યાં પડી છે, કઈ શાખાને ક્યારે મોકલવામાં આવી, કેટલી ટપાલો તાત્કાલિક નિકાલની હતી, ધારાસભ્યો-સાંસદોના તેમજ અર્ધ સરકારી પત્રો કેટલા મળ્યા, તેનું શું થયું, અરજદારે પોતાની અરજીના મોકલેલા સ્મૃતિપત્રો વિગેરેની માહિતી અધિકારીઓને તદન સરળતાથી ઉપલબ્ધ બનશે.

જિલ્લા કલેકટરશ્રીએ તાજેતરમાં તંત્ર દ્વારા ૭૩ હજાર જેટલી જુની ફાઈલોના વર્ગીકરણની કામગીરી જે સંપન્ન કરી છે તેનું પણ કોમ્પ્યુટરાઈઝેશન કરાવવાનો નિર્ણય લીધો છે. જિલ્લાતંત્રએ ૩૪ હજાર જેટલી જિલ્લાસ્તરની ફાઈલોનું વર્ગીકરણ સંપન્ન કર્યું છે તો મામલતદાર કચેરીઓમાં ૩૯ હજાર જેટલી ફાઈલોના વર્ગીકરણની કામગીરી સંપન્ન થઈ છે.

આ ફાઈલો ચાર ભાગમાં વર્ગીકરણ કરાઈ છે. આ કોમ્પ્યુટરાઈઝેશનને કારણે કાયમી ડેટા બેઝ ફાઈલોનો ઉપલબ્ધ થશે એટલુ જ નહિ જુના કેસોની નકલો, હુકમો સહિતનું સાહિત્ય તાકીદે ઉપલબ્ધ બની સકશે.

જિલ્લામાં તંત્રને લોકાભિમુખ બનાવવાની દિશામાં આ બે નિર્ણય મહત્વના પુરવાર થશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ફિલ્મ અભિનેતા પરેશ રાવલ અને અક્ષયકુમાર મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ફિલ્મના ખ્યાતનામ અભિનેતાશ્રી પરેશ રાવલ અને શ્રી અક્ષયકુમારે સૌજન્ય મૂલકાત લીધી હતી અને ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીના પ્રેરક માર્ગદર્શન હેઠળ સર્વાંગીણ વિકાસ ઉપરાંત રમત-ગમત પ્રવૃત્તિ અને યુવા વિકાસ માટે જે નવીનત્તમ પહેલ કરવામાં આવી છે તેનાથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું હતું.

ગુજરાતમાં સ્પોર્ટસ યુનિવર્સિટી અને વિશેષમાં જૂડો-કરાટે જેવા શારિરીક માનસિક ક્ષમતા વર્ધનના વ્યાયામ ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપવાની તત્પરતા બંને અભિનેતાઓએ વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્પોર્ટસ યુનિવર્સિટી, યોગ યુનિવર્સિટી અને વ્યાયામ પ્રવૃત્તિઓ માટે રાજય સરકારના પ્રોત્સાહક અભિગમની રૂપરેખા આપી હતી.

યુવકસેવા રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવશ્રી ભાગ્યેશ જહા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહયાં હતા.

સ્વર્ણિમ પાર્કમાં મ્યુઝિક કોર્નર શરૂ કરવા માંગણી

ટાઉનહોલ સામેના ઉદ્યાનમાં સપ્તાહમાં એકવાર સંગીત પાર્ટીનું આયોજન કરવા રજૂઆત

ગાંધીનગર, તા.૭

સ્વર્ણિમ પાર્કના ઉદ્યાનમાં રાત્રિ દરમિયાન અનોખી રોનક જોવા મળે છે. પીકનીક સ્પોટ સમાન બનતા ટાઉનહોલ સામેના ગાર્ડનમાં મ્યુઝિક કોર્નર શરૂ કરવા માંગ ઉઠવા પામી છે. સપ્તાહમાં દર રવિવારે સાંજે સંગીત પાર્ટીનું આયોજન કરવાની રજૂઆત તંત્ર સમક્ષ કરવામાં આવી છે.

સે-૧ ૭માં રહેતા એ.વી. શાહે આ અંગે તંત્રને રજૂઆતમાં જણાવ્યા અનુસાર ઘ-૪ વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક અને ટાઉનહોલ સામેના ઉદ્યાનમાં રાત્રિના સમયે અનોખી રોનક જોવા મળે છે. ઉનાળુ રાત્રિ દરમિયાન આ સ્થળે પીકનીક સ્પોટ જેવો નઝારો તાદૃશ્ય થાય છે. જયારે પાર્કમાં આ રમણીય વાતાવરણમાં સંગીતના સૂરો રેલાય તો સાંજનું વાતાવરણ વધુ સંગીન બની શકે જેને ધ્યાને લઈ આમ નાગરિકો માટે આ બગીચામાં એક કાયમી સ્ટેજ ઉભું કરી સંગીત પાર્ટીનુંઆયોજન કરવા પણ તેમણે સૂચવ્યું છે. જેમાં દર રવિવારે સાંજે એક કલાક માટે વિવિધ ભકિતગીતો, રાષ્ટ્રગીતો અને ફીલ્મી ગીતોની ધૂનનો કાર્યક્રમ ગોઠવવાની લાગણી તેમણે વ્યકત કરી છે. શહેરમાં સાંસ્કૃતિક વૃત્તિ-પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો છે ત્યારે શહેરના હાર્દસમા વિસ્તારમાં આ પ્રકારનું આયોજન કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. જેના લીધે શહેરના કલાકારોને પણ સ્ટેજ મળશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Marubhai Medical
AD
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 47364, Fax : 079-232 47392
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-26603943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

પ્રાર્થના સભા

અમારા પિતાશ્રી **ભાલચંદ્રભાઈ જનાર્દનભાઈ વચ્છરાજાની** (બી. જે. વચ્છરાજાની) (નિવૃત્ત નાયબ સચિવ (નાણાં વિભાગ)નું તા. ૫-૮-૨૦૧૩ને સોમવારે અવસાન થયેલ છે. સદ્‌ગતની **પ્રાર્થના સભા તા. ૮-૮-૨૦૧૩ને ગુરૂવારે સાંજે ૫ થી ૬** દરમિયાન તેમના નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન
પ્લોટ નં. ૧૨૭,
રત્નસાગર એપાર્ટમેન્ટ
બ્લોક : ૧/સી, સેક્ટર-૧૯,
ગાંધીનગર

લિ.
ગં.સ્વ. નલિની ભાલચંદ્ર વચ્છરાજાની
સમીર ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્ર)
કેતન ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્ર)
મેહુલ ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્ર)
કુ. ભાર્ગવી ભાલચંદ્ર વચ્છરાજાની (પુત્રી)

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈઝીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૬૬૭૨, ૭૬૯૮૬ ૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com